16

29

(२३३)

# ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
(ગુજરાત સરકારનું સાહસ)

પરિપત્ર ક્રમાંક:જીજેટીઆઈ/કે.પ્ર./હેન્ડપંપ/રાસા.પૃથ્થ./પરિપત્ર/૨૧૫/ ૪૧૯/સને–૨૦૦૬.
તા.૮–૨–૦૬.

વંચાણે લીધા:

(૧) મુખ્ય ઈજનેરશ્રી(યાંત્રિક) બોર્ડ કચેરીના જાવક ક્રમાંક:મુ.ઈ.(યાં.)/હેન્ડપંપ–બોર/રાસા.પૃથ્થ./એમ–૩/૫૦૩/૦૫ તા.૧૩–૦૪–૨૦૦૫.

(૨) મુખ્ય ઈજનેર અને નિયામકશ્રી, જીજેટીઆઈના જાવક ક્રમાંક:જીજેટીઆઈ/કે.પ્ર./હેન્ડપંપ/રાસા.પૃથ્થ./ પરિપત્ર/૧૨૬૧/સને–૦૫ તા.૫–૫–૨૦૦૫.

(૩) અધીક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ,વડોદરાના જાવક ક્રમાંક:પીબી/એ.પ્લાન ૦૫–૦૬/રાસા.પૃથ્થ./ ૨૪૦૬/સને–૨૦૦૫ તા.૨–૮–૨૦૦૫.

(૪) અધીક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ,વડોદરાના જાવક ક્રમાંક:પીબી/એ.પ્લાન ૦૫–૦૬/રાસા.પૃથ્થ./ ૩૧૪૧/સને–૨૦૦૫ તા.૧૫–૧૦–૨૦૦૫.

Inward No. 9469
Reg.
G.W.S.S. BOARD
16 FEB 2006
Chairman
Marking

## પરિપત્ર

**વિષય: હેન્ડપંપ દ્વારા અપાતા પીવાના પાણીના સોર્સનું રાસાયણિક પૃથ્થકરણ કરાવવા બાબત.**

મુખ્ય ઈજનેરશ્રી(યાંત્રિક) બોર્ડ કચેરીના પત્ર તા.૧૩–૦૪–૨૦૦૫ ની વિગતો ધ્યાને લઈ, અત્રેથી યાંત્રિક વિભાગ મારફતે બનાવવામાં આવતા હેન્ડપંપ માટેના બોરથી પાણી પુરવઠાના વિતરણ કરતા પહેલાં સોર્સના પાણીનું અચુક રાસાયણિક પૃથ્થકરણ કરાવવા અત્રેથી તા.૫–૫–૨૦૦૫ ના પરિપત્રથી સુચન થયેલ છે તથા પીવાલાયક પાણી ધરાવતા બોરનો જ હેન્ડપંપ કાર્યરત કરવા જણાવેલ હતું.

અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, વડોદરાના પત્ર (૧) તા.૨–૮–૨૦૦૫ તથા (૨) તા.૧૫–૧૦–૨૦૦૫ મુજબ, બિનપીવાલાયક પાણી ધરાવતા બોર ઉપર હેન્ડપંપ બેસાડવામાં આવતા નથી. વિવિધ ક્ષેત્રિય યાંત્રિક કચેરીઓ દ્વારા જણાવ્યા અનુસાર જિલ્લા સ્તરની મિટીંગમાં પદાધિકારીઓ, ગ્રામજનો, સરપંચશ્રીઓ તથા તાલુકા/ જિલ્લાના અધિકારીશ્રીઓ તથા માનનીય ધારાસભ્યશ્રીઓ તરફથી બિન–પીવાલાયક પાણી ધરાવતા બોરના પાણીનો પીવા/રાંધવા સિવાયના ઘરવપરાશ તરીકે અન્ય ઉપયોગ કરવા માટે હેન્ડપંપ બેસાડવા રજુઆતો તથા માંગણી કરવામાં આવે છે.

Office of the Chief Engineer (Mechanical) G.W.S.S.B. Gandhinagar.

| | |
|---|---|
| Inward No | 530 |
| Date | 18/2/06 |
| E. E. | |
| S. E. | |
| C. E. | |

– ૨ –

"ગ" રોડ, સેક્ટર ૧૫, ગાંધીનગર–૩૮૨૦૧૬,
ફોન : (૦૭૯) ૨૩૨૨૩૯૪૯, ૨૩૨૨૩૯૪૧–૪૭ ફેક્ષ : ૨૩૨૨૩૨૪૩

અધિક્ષક ઈજનેરશ્રી, યાંત્રિક વર્તુળ; વડોદરાના મંતવ્ય મુજબ જે જે ગામોમાં ભૂતળના બોર આધારિત પાણી રાસાયણિક પૃથ્થકરણના અહેવાલ આધારે બિન–પીવાલાયક જણાય તો પણ તાત્કાલિક ધોરણે સપાટી આધારિત ભૂજળ પાઈપ પાણી પુરવઠા યોજનાઓ કે ટેન્કરથી પાણી આપવું ખર્ચાળ અને મુશ્કેલ જણાય છે. જેથી પીવા/રાંધવા સિવાયના ઘરવપરાશ–ન્હાવા ધોવાના કે અન્ય સફાઈ જેવા સુખાકારી સ્વચ્છતાના કામમાં પાણી વાપરી શકાય તે હેતુસર હેન્ડપંપ બેસાડવા અને આવા હેન્ડપંપ ઉપર પાણી પીવાલાયક નથી એવું લખાવવું જોઈએ એ માટે નિર્ણય થવા જણાવેલ છે.

ચર્ચા વિચારણાના અંતે લોકોની જરૂરિયાત તથા માંગણી અને કરકસરની બાબતો ધ્યાને લઈ મુખ્ય ઈજનેરશ્રી (યાંત્રિક)ના પરામર્શ અને સંમતિથી નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે.

નવા હેન્ડપંપ અંગેના બોર શારકામ કર્યા બાદ પાણી રાસાયણિક પૃથ્થકરણ અહેવાલ આધારે બિન–પીવાલાયક જણાય તેમ છતાં, પીવા/રાંધવાના ઉપયોગ સિવાય ઘર વપરાશ–ન્હાવા ધોવાના કે અન્ય સફાઈ જેવા સુખાકારી/ સ્વચ્છતાના કામમાં પાણી વાપરી શકાય તે હેતુસર હેન્ડપંપ બેસાડવા તથા બિનપીવાલાયક પાણી ધરાવતા હેન્ડપંપ ઉપર નીચે મુજબ ચેતવણીની વિગતો સાથે લાલ–અક્ષરમાં બોર્ડ ઉપર લખાણ કરાવી મૂકવું તેમજ આ બાબતની જાણ ગામના સરપંચશ્રી/તલાટી/ પાણી સમિતિના સભ્યો તથા ગામ લોકોને થાય તેમ કરવું. આવા પાણીનો પીવા/ રાંધવામાં ઉપયોગ ન થાય તે અંગે જન–જાગૃતિ કેળવાય તે હેતુથી તેની માહિતી, શિક્ષણ અને પ્રચાર–પ્રસાર થાય તે માટે વખતો વખત કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. વિગત નીચે મુજબ છે.

## " ચેતવણી "

આ હેન્ડપંપનું પાણી પીવાલાયક નથી. આવું પાણી પીવા/રાંધવાના ઉપયોગમાં લેવાથી આરોગ્ય ઉપર ગંભીર અસર થવાની સંભાવના છે. ન્હાવા ધોવાના કે અન્ય સફાઈ જેવા સુખાકારી/ સ્વચ્છતાના કામમાં આ પાણી ઉપયોગમાં લઈ શકાશે.

નોંધ: ૧. બોર્ડમાં સફેદ બેકગ્રાઉન્ડ ઉપર લાલ અક્ષરે લખાણ લખવું.

૨. આ લખાણ હેન્ડપંપના પાણી માટે બોર્ડ મુકવામાં આવેલ છે તે સ્પષ્ટ જણાય તે રીતે બોર્ડ મુકવા કાળજી લેવી.

ઉપરોક્ત પ્રાસ્તાવિક વિગતો ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી થવા અંગે. સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(આર.બી.શેઠ)
મુખ્ય ઈજનેર અને નિયામક

**નકલ સવિનય રવાના પ્રતિ: (જાણ સારૂ)**

- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી, યાંત્રિક, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી, મોની.સેલ, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી, ઝોન–૧/ ૨ /૩/ ૪, વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ(કચ્છ).

**નકલ રવાના પ્રતિ: જાણ સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.**

- અધિક્ષક ઈજનેરશ્રી, ટેકનીકલ સેલ, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- સુપ્રિ. જીઓહાઈડ્રોલોજીસ્ટ, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ...................... સર્વે.
- કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ.................... સર્વે.
- જીઓહાઈડ્રોલોજીસ્ટ/હાઈડ્રોલોજીસ્ટ, યાંત્રિક વિભાગ/પેટા વિભાગ .................. સર્વે.
- નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક પેટા વિભાગ ................. સર્વે.
- ક્ષેત્રિય પ્રયોગશાળાઓ, ગાંધીનગર/ વડોદરા/રાજકોટ/ પાલનપુર/ જામનગર/ ભાવનગર/ /ભુજ/ મહેસાણા/ સુરત.

નકલ :

- માસ્ટર ફાઈલ.